# <u>જાહેરનામું</u>

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૩૮ /૨૦૧૭

## તા.૨૮/૧૨/૨૦૧૭

હું, એ.કે.સિંઘ, IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે મને મળેલ સત્તાની રૂએ આગામી નવા વર્ષની ઉજવણી નિમિત્તે જાહેર વ્યવસ્થા જાળવવા અને વાહન વ્યવહારના સરળ નિયમન માટે નીચે મુજબનો હુકમ જારી કરૂ છું.

**<u>હુકમ</u> :-**

અમદાવાદ શહેરમાં તા.૩૧/૧૨/૨૦૧૭ અને તા.૦૧/૦૧/૨૦૧૮ વચ્ચેની રાત્રી દરમ્યાન નવા વર્ષની ઉજવણી નિમીતે મોટી જનમેદની ભેગી થતી હોય છે. જેના નિયમન સારૂ તા.૩૧/૧૨/૨૦૧૭ ના કલાક ૧૮/૦૦ થી તા.૦૧/૦૧/૨૦૧૮ ના કલાક ૩/૦૦ દરમ્યાન સુધી નીચે મુજબના વિવિધ પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(1) સી.જી.રોડના સ્ટેડીયમ સર્કલ થી પંચવટી સુધી ૩૧/૧૨/૨૦૧૭ ના સાંજ કલાક ૨૦.૦૦ થી તા.૦૧/૦૧/૨૦૧૮ ના કલાક ૦૩.૦૦ સુધી ખાસ પ્રકારના કારણો સિવાય તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશ બંધ રાખવામાં આવે છે.

<u>વૈકલ્પિક અવર જવરના રૂટ</u> :

(i) સમથેશ્વર મહાદેવથી બોડીલાઇન ચાર રસ્તા, ગુલબાઇ ટેકરાથી બોડીલાઇન ચાર રસ્તા થઇ સમથેશ્વર મહાદેવ તરફ આમને સામને બંને બાજુ રોડ ચાલુ રાખીને સી.જી.રોડ ક્રોસ કરી શકશે. પરંતુ સી.જી.રોડ ઉપર વાહન હંકારી શકાશે નહી.

(ii) મીઠાખળી સર્કલથી ગીરીશ કોલ્ડ્રીક્સ ચાર રસ્તા થઇ સેન્ટ ઝેવિયર્સ રોડ તથા નવરંગપુરા બસ સ્ટેન્ડ થી સ્વસ્તીક ચાર રસ્તા થઇ કોમર્સ છ રસ્તા આમને સામને બન્ને બાજુ રોડ ચાલુ રાખીને સી.જી.રોડ ક્રોસ કરવાનો રહેશે. પરંતુ સી.જી.રોડ ઉપર વાહન હંકારી શકાશે નહી.

(iii) હેવમોર ત્રણ રસ્તા થી સ્ટેડીયમ થઇ સરદાર પટેલ બાવલા તેમજ કોમર્સ છ રસ્તાથી વિપુલ દુધીયાવાલી ગલી થઇ સ્ટેડીયમ સર્કલ થઇ હેવમોર તરફ આમને સામને વાહન ચાલક રોડ ક્રોસ કરી શકશે. પરંતુ સી.જી. રોડ ઉપર વાહન હંકારી શકાશે નહી.

(2) સ્ટેડીયમ છ રસ્તાથી પંચવટી સુધીના સમગ્ર સી.જી.રોડ પર તા.૩૧/૧૨/૨૦૧૭ ના ૧૯.૦૦ થી તા.૦૧/૦૧/૨૦૧૮ ના કલાક ૦૩.૦૦ સુધી વાહન પાર્કિંગ પર પ્રતિબંધ રહેશે. આ પ્રતિબંધ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સી.જી.રોડના આ વિભાગમાં નિયત કરેલ પાર્કિંગની જગ્યાને પણ લાગુ પડશે.

(3) એસ.જી.હાઇવે એટલે કે સરખેજ ગાંધીનગર હાઇવે ઉપર સાણંદ ચોકડી થી વૈષ્ણોદેવી સર્કલ સુધી ટુ-વ્હીલર, રિક્ષા, તમામ પ્રકારની કાર/જીપ અને પેસેંજર વાહનો સિવાયના તમામ પ્રકારના માલવાહક વાહનો માટે અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

<u>વૈકલ્પિક અવર જવરના રૂટ :</u>

- તમામ ભારવાહન વાહનો વૈષ્ણોદેવી સર્કલથી ભાડજ સર્કલ થઇ એસ.પી.રીંગ રોડ પર શાન્તીપુરા ચોકડી થઇ અવર કરી શકશે પરંતુ એસ.પી.રિંગ રોડ પરના વિવિધ રસ્તાથી વૈષ્ણોદેવી થી સાણંદ સર્કલ સુધીના એસ.જી.રોડ પર આવી શકશે નહી કે એસ.જી.રોડને આ વિસ્તારમાં ક્રોસ કરી શકશે નહી.

(4) પકવાન ચાર રસ્તાથી સાણંદ ચોકડી સુધીના એસ.જી.રોડ અને તેના સર્વિસ રોડ પર તા.૩૧/૧૨/૨૦૧૭ ના કલાક ૧૯.૦૦ થી તા.૦૧/૦૧/૨૦૧૮ ના કલાક ૦૩.૦૦ સુધી વાહન પાર્કિંગ પર પ્રતિબંધ રહેશે.

(5) નહેરુનગર સર્કલ થી શિવરંજની થઇ ઇસ્કોન ચાર રસ્તા સુધીના રોડ પર ખાનગી લક્ઝરીના પાર્કિંગ પર પણ આ સમય દરમ્યાન પ્રતિબંધ રહેશે.

આ જાહેરનામામાંથી તમામ પ્રકારના સરકારી વાહનો ફાયર બ્રિગ્રેડના વાહનો તેમજ એમ્યુલન્સનાં વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૮/૧૨/૨૦૧૭ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા.૨૮/૧૨/૨૦૧૭
અમદાવાદ શહેર

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના :</u>

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ, ગુ.રા.ગાંધીનગર.

રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર

ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.

(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર

(૭) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર

૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

<u>નકલ રવાના :</u>

(૧) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક,વિશેષ શાખા, વહીવટ, અમદાવાદ શહેર

(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.

(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.

(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર

૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.

(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર

૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.

(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)

૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.